# વડાલીમાં ઉત્તર ગુજરાત યુનિ.ના સબસેન્ટરનું સ્વપ્ન સાકાર થશે

## વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા, ઉત્તર ગુજરાત યુનિ.ના કુલપતિના હસ્તે ભૂમિપૂજન

બાયડ, ઈડર (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠામાં ઉત્તર



ગુજરાત યુનિ.નું સબસેન્ટર સ્થપાય તે માટે ઈડરના પૂર્વ ધારાસભ્ય, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ હાલ પણ પ્રયત્નશીલ હતા છેવટે શનિવારે ઈડરના વડાલીમાં ઉત્તર ગુજરાત યુનિ.ના સબસેન્ટરનું સ્વપ્ન સાકાર થયું છે. વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા ઉત્તર ગુજરાત યુનિ.ના કુલપતિ પ્રો.ડૉ.જાબાલી વોરાની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન કરાતાં સાબરકાંઠા, અરવલ્લીના હજારો છાત્રોમાં ખુશાલી જોવા મળી હતી. સબસેન્ટર શરૂ થયા પછી કોલેજોના સંચાલકો, અધ્યાપકો અને છાત્રોને પાટણના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે.

સાબરકાંઠામાં છેલ્લા કેટલાય સમયથી નબળી નેતાગીરીથી પ્રજાને અન્યાય થતો આવ્યો છે. અગાઉ રમણલાલ વોરા રાજ્ય સરકારમાં મંત્રી હતી ત્યારે સાબરકાંઠામાં ટનાટન વિકાસનો સૌએ અનુભવ કર્યો હતો. ઈડરના ધારાસભ્ય હતા ત્યારે રમણલાલ વોરાએ ઉત્તર ગુજરાત યુનિ.નું સબસેન્ટર સાબરકાંઠામાં શરૂ થાય જેથી ઉત્તર ગુજરાત યુનિ.ના વિદ્યાર્થીઓને પાટણ સુધીના ધક્કા ખાવા ન પડે અને સમય-પૈસાનો બચાવ થાય તેવી શિક્ષણ વિભાગમાં રજૂઆત કરી હતી. આખરે રમણલાલ વોરાની રજૂઆત રંગ લાવ્યા પછી તા.૧૩ માર્ચના રોજ વડાલીમાં ખેડબ્રહ્મા કેમ્પસનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉત્તર ગુજરાત યુનિ.પાટણના કારોબારી સભ્ય સ્નેહલભાઈ પટેલ, જિલ્લા ભાજપ સંગઠન મહામંત્રી કનુભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા ભાજપ સંગઠનના પૂર્વ પ્રમુખ તખતસિંહ હડીયોલ, અશ્વિનભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, વડાલી તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ હરીસિંહ ભાટી સહિત અનેક આગેવાનો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કોલેજ વિદ્યાર્થીઓ માટે ફાયદો..

ઉત્તર ગુજરાત યુનિ.નું વડું મથક પાટણ થયા પછી અરવલ્લી, સાબરકાંઠાના વિદ્યાર્થીઓ, કોલેજ સંચાલકો અને સ્ટાફને કોઈ કામ હોય તો પાટણ જવું પડે અને આખો દિવસ પસાર થઈ જાય. તદ્ઉપરાંત સમય અને પૈસાનો બગાડ પણ થતો હતો જેથી અનેક છાત્રોએ વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાને જે તે સમયે ઉત્તર ગુજરાત યુનિ.ના સબસેન્ટર માટે રજૂઆત કરી હતી અને જિલ્લામાં સબસેન્ટર માટે માંગ બુલંદ બની હતી. તેઓએ શિક્ષણ વિભાગ સમક્ષ રજૂઆત કર્યા પછી સબસેન્ટરનો માર્ગ સરળ બન્યો છે. વડાલી ખાતે ઉત્તર ગુજરાત યુનિ.નું સબસેન્ટર કાર્યરત થયા પછી વિદ્યાર્થીઓને ફાયદો થશે તેમજ કોલેજ સંચાલકોને પણ પાટણના ધક્કામાંથી મુક્તિ મળશે.

# સરડોઈ હાઈસ્કુલના નિવૃત્ત શિક્ષકોનો સન્માન સમારોહ યોજાયો

## દિર્ઘકાલિન શૈક્ષણિક સેવાઓની સરાહના કરાઈ



ટીંટોઈ, તા.૧૪

મોડાસા તાલુકાના સરડોઈની શ્રી એ. એમ. શાહ હાઈસ્કુલમાં યશસ્વી સેવાઓ આપી વયમર્યાદાના કારણે નિવૃત્ત થયેલા શિક્ષક જે.જી.ભાટી અને જે.બી.ચૌહાણનો નિવૃત્તિ વિદાય સમારોહ કેળવણી મંડળના પ્રમુખ અને સરડોઈ વિસ્તારના ભામાશા ઈશ્વરચંદ્ર પી. ભાવસારની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. સરડોઈ હાઈસ્કુલમાં ૩ દાયકા જેટલી યશસ્વી સેવાઓ આપનાર નિવૃત્ત શિક્ષકોની શૈક્ષણિક સેવાઓને બિરદાવવામાં આવી હતી તેમજ સન્માનપત્ર આપી સન્માનિત કરાયા હતા. નિવૃત્ત થઈ રહેલા કર્મચારીઓનો નિવૃત્તિ સમયગાળો સુખમય અને નિરોગી બની રહે તેવી મંડળ અને શાળા સ્ટાફ દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત અનેક લોકો નિવૃત્તિ સમારોહમાં ગદગદીત બન્યા હતા. નિવૃત્તિ સન્માન સમારોહમાં કેળવણી મંડળના મંત્રી અરૂણભાઈ જે. ગોર, પૂર્વ આચાર્ય એન.જી.પુંવાર, હાઈસ્કુલના આચાર્ય ઘનશ્યામસિંહ ચાવડા વગેરેએ પણ કર્મયોગી શિક્ષકોની નિવૃત્તિ પ્રસંગે તેમની યશસ્વી સેવાઓને બિરદાવી હતી.

# પાલનપુરમાં હિટ એન્ડ રન : એક અધિકારીનું અકાળે મોત

પાલનપુર, તા. ૧૪

પાલનપુર શહેરમાં રાત્રે જમીને ચાલવા નીકળેલાં રાહદારીઓને બેફામ ક્રેન ચાલકે અડફેટે લેતાં એક અધિકારીનું મોત થયુ છે. ગઈકાલે રાત્રે જમીને સોસાયટીની બહાર ચાલવા નીકળેલાં ત્રણ મિત્રોને ક્રેન ચાલકે અડફેટે લીધા હતા. જેમાં એક વ્યક્તિ પર ક્રેનનું ટાયર ફરી વળ્યાં બાદ તેમનું મોત થયુ હતુ. અકસ્માત સર્જીને ચાલક ક્રેન લઈ ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હોઈ તેની સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ગઈકાલે રાત્રે ચાલવા ગયેલા જીસ્વાનના અધિકારીનું મોત થતાં પરિવારજનો ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા છે.

# ૧૦૦ વર્ષથી ભરાતા આંબલી અગીયારસના મેળાને કોરોનાનું ગ્રહણ

## નવાગામ કંટાળું હનુમાન મંદીર ટ્રસ્ટે મેળા મોકૂફીનું જાહેરનામું બહાર પાડ્યું

મોડાસા, તા. ૧૪

ધાર્મિક અને લોક મેળાઓને કોરોનાનું ગ્રહણ નડી રહ્યું છે છેલ્લા એક વર્ષમાં અનેક મેળા રદ થઈ ચુક્યા છે ત્યારે અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓ વચ્ચે અને રાજસ્થાન રાજ્યને અડીને આવેલા મેઘરજ તાલુકાના નવાગામના સુપ્રસિદ્ધ કંટાળું હનુમાનજી મંદિરે ૧૦૦ વર્ષથી વધુ સમય થી ત્રિ-દિવસીય આંબલી અગીયારસનો મેળો ભરાય છે જેમાં અરવલ્લી-સાબરકાંઠા અને રાજસ્થાનના હજ્જારો લોકો મેળામાં ઉમટી પડતા હોય છે મેળામાં લોકો જીવનજરૂરિયાત અને મોજ શોખની ચીજ વસ્તુઓનું મોટા પ્રમાણમાં ખરીદતા હોવાથી રાજ્યભરમાંથી ધંધાર્થીઓ અને ફેરિયાઓ અને વિવિધ રમત-ગમતની રાઈડ વાળા ૭ દિવસ અગાઉથી ધામા નાખી દેતા હોય છે ત્યારે ચાલુ વર્ષે કોરોનાના ગ્રહણના પગલે મંદીર ટ્રસ્ટે આંબલી અગિયારસનો મેળો બંધ રાખવામાં આવ્યો હોવાની જાહેરાત કરવાની સાથે વેપારીઓ-ધંધાર્થીઓ ન આવવા અપીલ કરી છે.

આદિવાસી સંકૃતિની ઝાંખી કરાવતો પરંપરાગત મેઘરજના નવાગામ ખાતે ભરાતો કંટાળું હનુમાનજી મંદિરે ભરાતો આંબલી અગિયારશ નો મેળો મોકૂફ રાખવાની ફરજ પડી છે અને મેળા મોકૂફી અંગે જાહેરનામું બહાર પાડયું છે નવાગામ ગામ ખાતે આવેલ કંટાળું હનુમાનજી મંદિર ખાતે હોળી સમયે ભરાતો આંબલી અગિયારશ નો ત્રણ દિવસીય મેળો કોરોના મહામારી ને કારણે રદ કરવામાં આવ્યો છે ત્યારે કંટાળું મુકામે છેલ્લા સો વર્ષ થી ભરાતા ભાતીગળ આદિવાસી ની સંસ્કૃતિ ની પરંપરા આધારિત લોક મેળો મોટા પ્રમાણ માં ભરાતો હતો જેમાં ગુજરાત, રાજેસ્થાન, લુણાવાડા,પંચમહાલ, ઈડર, મહેસાણા,જેવા વિસ્તાર માંથી વેપારીઓ ચીજવસ્તુના વેચાણ અર્થે એ આ ત્રણ દિવસીય મેળામાં આવતા હતા ત્યારે નવાગામ ગ્રામ પંચાયત દ્વારા તેમજ ગામના અગ્રણીઓ દ્વારા આ સાલ કોરોના ની મહામારી ને કારણે મેળાને સદંતર મોકૂફ રાખવામાં આવ્યો છે તેમજ કોઈ પણ વેપારી ચીજ વસ્તુના સ્ટોલ ઉભા કરી શકશે નહિ



તેમ વધુમાં સરપંચ દ્વારા જણાવામાં આવ્યું હતું જેમાં મંદિરમાં ફક્ત કોરોના ની ગાઈડલાઈન મુજબ સોશયલ ડિસ્ટન સાથે ખાલી દર્શ કરી શકાશે તેમ જણાવવામાં આવ્યું હતું આમ વર્ષો પુરાણા ભરાતા મેળાની પરંપરા કોરોનાના કારણે તૂટી છે

# મોડાસા નાગરીક બેંક ચૂંટણીમાં ૧ ૨ બેઠકો માટે ખરાખરીનો જંગ

## ચૂંટણીમાં મતદારોમાં ભારે ઉત્સાહ,ઉમળકાભેર મતદાન કરવા ઉમટ્યા

મોડાસા, તા. ૧૪

ઉત્તર ગુજરાતમાં સહકારી નાણાકીય સહકારી સંસ્થાઓમાં અગ્ર સ્થાન ધરાવતી મોડાસા નાગરીક સહકારી બેંકમાં બોર્ડ



ઓફ ડિરેક્ટર્સની ૧૫ બેઠકો પૈકી સ્ત્રી અનામતની બે બેઠકો અને એસ.સી-એસટીની ૧ બેઠક બિનહરીફ થઈ છે ૧૨ બેઠકો માટેની આજે યોજાઈ રહેલ ચૂંટણીમાં ૧૮ ઉમેદવારોએ જંપલાવ્યું છે જેમાં ઘોડાની પેનલમાં ૧૦ ઉમેદવારો અને વાઘની પેનલમાંથી ૮ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે મોડાસા નાગરીક બેંકની ચૂંટણીમાં નાગરીક બેંકનું સુકાન સોંપવા મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો મતદારો વહેલી સવારથી મોડાસા-સર્વોદય હાઈસ્કૂલ ખાતે યોજાયેલ મતદારો ઉમટ્યા હતા આજે રાત્રે મતદાન પ્રક્રીયા પૂર્ણ થયા બાદ મતગણતરી હાથધરવામાં આવશે અને વિજેતા ઉમેદવાર જાહેર થશે

મોડાસા નાગરિક સહકારી બેંકની ચૂંટણી જાહેર થતાની સાથે શહેરના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો જેમાં છેલ્લે ઘોડાની પેનલમાંથી ૧૦ અને વાઘની પેનલમાંથી ૮ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં જંપલાવ્યું હતું મતદારોને રીઝવવા બંને પેનલના ઉમેદવારોએ એડીચોંટીનું જોર લગાવ્યું હતું અને મતદાન મથક સુધી લાવવા અને બંને પેનલના ઉમેદવારોએ તેમની પેનલ તરફી મતદાન કરવા મતદાન મથક બહાર છેલ્લી ઘડી સુધી રિઝવતા નજરે પડ્યા હતા મોડાસા નાગરિક બેંકનું સુકાન સોંપવા મતદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને મતદાન પ્રકીયા શરુ થતા લાઈનમાં ઉભા રહી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો આજે મતદાન પ્રક્રિયા પૂર્ણ થતા સાંજે મતગણતરી હાથધરવામાં આવશે મતગણતરી બાદ સભાસદોએ કોના નામ પર મહોર મારી બેંકનો વહીવટ સોંપે છે તે પણ આજે જ નક્કી થઈ જશે વાઘ અને ઘોડાની પેનલ વચ્ચે ભારે રસાકસી જંગમાં પેનલની જીત થાય છે કે પછી પેનલ તૂટશે સહીત અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે



# લેન્ડ ગ્રેડિંગ કાયદાની ગુંજ : મેઘરજ પોલીસે ૯ ભુમાફિયાઓને જેલમાં ધકેલ્યા

## અન્ય તાલુકામાં પણ ઝડપી કાર્યવાહી

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૪

અરવલ્લી પોલીસે લેન્ડ ગ્રબ્બીંગ કાયદો આવ્યા પછી કડક



કાર્યવાહી શરૂ કરી છે જેમાં મેઘરજ નગરમાં માલપુર રોડ પર આવેલ જમીનના રહેણાંક મકાનના પ્લોટમાં જમીન પચાવી પાડવાના ઈરાદે સીમેન્ટની બાઉન્ટ્રી તોડી ગેરકાયદેસર પ્રવેશ કરી કબ્જો જમાવતા લેન્ડગ્રેમ્બીંગ એક્ટ હેઠળ પોલીસે એક મહીલા સહિત આઠ ઈસમોને ઝડપી પાડી જેલ હવાલે કર્યા છે.

મેઘરજના જાગૃતિબેન પ્રહલાદભાઈ પંડ્યા,આશિષ ભાઈ ઉપાધ્યાય,ઘનશ્યામ ભાઈ ઉપાધ્યાય,અતુલકુમાર પંડ્યા,જાગૃતિ બેન પંડ્યા એ તારીખ.૧૩/૧૧/૧૯૯૦ના રોજ લાલજીભાઈ દાંલજીભાઈ પટેલ પાસેથી વાસણા ગામની સીમમાં આવેલ સર્વે.નં.૪૧માં બિનખેતીની જમીનમાં પાડેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૩ દસ્તાવેજ કરી જમીન લીધી હતી જેની રકમ પણ વેચાણ આપનારને જેતે વખતે ચુકવી દીધેલ તા.૬/૨/૨૦૨૦ ના રોજ પ્લોટના માલિક જાગૃતિબેન પંડ્યા તેમના પરીવારજનો સાથે સર્વે.નં.૪૧માં આવેલ પ્લોટ નં.૩ જોવા ગયેલા હતા તે દરમિયાન મેઘરજના નવા નગરમાં રહેતા આઠ જેટલા ઈસમો આ પ્લોટને સીમેન્ટની બાઉન્ડ્રી તોડવાનો પ્રયાસ કરતા હતા જેથી જાગૃતિબેને તેમને જણાવેલ કે તમો મારા પ્લોટને નુકશાન ન કરો આ જમીન મારી છે જેનો વેચાણ દસ્તાવેજ પણ અમારી પાસે છે તેવુ કહેતા આ આઠેય ઈસમો એકદમ ઊશ્કેરાઈ ગયા હતા અને બીભત્સ અને નઠારી ગાળો બોલતા હતા અને આઠેય ભુમાફિયાઓ કહેતા હતા કે આ જગ્યા અમારી છે અને હવે આ જગ્યામાં પગ મુકશો નહી તેવી ધમકીઓ આપતા જાગૃતિબેન પંડ્યાએ જેતે વખતે મેઘરજ પોલીસને જાણવાજોગ અરજી આપી હતી અને ત્યારબાદ આ તમામ ઈસમોએ લોકડાઉનનો લાભ લઈ જમીનની અંદર બનાવેલ સીમેન્ટની બાઉન્ડ્રી તોડી જમીનમાં બિનઅધિકૃત રીતે ગુસણખોરી કરી બિન ખેતી જમીનમાં ખેતી કરી કાયદાનો સરેઆમ ભંગ કર્યો હતો જે બાબતની અરજી વાસણા ગ્રૂપ ગામ પંચાયતને અને જીલ્લા કલેક્ટરને કરેલ હતી.જે બાબતે જીલ્લા તકેદારી સમીતી અને અરવલ્લી જીલ્લા કલેક્ટરે તા.૫/૨/૨૦૨૧ના કેસ નં.૦૮/૨૧ ના અન્વયે જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી અડ્ડો જમાવનાર આઠેય ઈસમો વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગ કાયદા મુજબ ફરીયાદ નોંધાવા રજુઆત કરનાર જાગૃતિબેન પ્રહલાદભાઈ પંડ્યા,આશિષ ભાઈ ઉપાધ્યાય,ઘનશ્યામ ભાઈ ઉપાધ્યાય,અતુલકુમાર પંડ્યા,જાગૃતિ બેન પંડ્યા હુકમ કરતા અરવલ્લી જીલ્લા કલેક્ટરના હુકમને ધ્યાને લઈ મેઘરજ પોલીસ સ્ટેશનના ઈ.પી.આઈ.જે.પી.ભરવાડે સર્વે.નં.૪૧ના પ્લોટમાં ઉપરોક્ત આરોપીઓ વિરૂધ્ધ એકસંપ થઈ સામાન્ય ઈરાદો પાર પાડવા સારૂ ભેગા થઈ બિનઅધિકૃત રીતે જમીનમાં પ્રવેશ કરી તોડફોડ કરી કબ્જો કરી લેતા આઠ ઈસમો વિરૂધ્ધ ફરીયાદ નોંધાયી હતી જેમાંથી આઠ ઈસમોને પોલીસે મંગળવારના રોજ તેમજ એક ઈસમને શુક્રવારના રોજ ઝડપી પાડી નામદાર કોર્ટમાં રજુ કરતા નામદાર કોર્ટે સબજેલ ખાતે મોકલવાનો આદેશ કરતા તમામને મોડાસા સબજેલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

### જેલમાં મોકલેલ આરોપીઓ

રહીમ હુસેન કાજી.
મદીનાબેન યુસુફ કાજી
હનીફ યુસુફ કાજી
સલીમ યુસુફ કાજી
બાબુ રસુલ કાજી
જાકીર રસુલ કાજી
મુસ્તુ રસુલ કાજી
રજાક રસુલ કાજી
તમામ રહે.નવા નગર મેઘરજ જી.અરવલ્લી
રહીમ લહેરી રહે.મેઘરજ.

# આજના યુગમાં લોકોમાં રહેલી અંધશ્રદ્ધાને દૂર કરવા વડગામમાં આવેલા સ્મશાનમાં ભોળાનાથની સ્થાપના કરાઈ

## મહા શિવરાત્રીના પવિત્ર દિવસે ભોળાનાથ ની સ્થાપના કરી વર્ષો જૂની ગેરમાન્યતાઓ થી છુટકારો મેળવવા લોકોએ નિર્ણય લીધો

વડગામ, તા. ૧૪

આજના ટેકનોલોજી જમાનામાં શિક્ષણ અને વિજ્ઞાન આગળ હોવા છતાં પણ સ્મશાનભૂમિ ને અપવિત્ર માની અંધશ્રદ્ધા માં પડેલા લોકો પ્રેતધામ માની જાદુ ટાણા માં વિશ્વાસ કરતા થયા છે.

સ્મશાન ને લગતી ગેરમાન્યતાઓ ને દુર કરવા વડગામ વાસીઓએ પહેલ કરી છે.વડગામ મા અંધશ્રદ્ધા ને દુર કરવા ગામમાં આવેલા સ્મશાન મા મહા શિવરાત્રી ના પવિત્ર દિવસે ભોળાનાથ મહાદેવ ની મૂર્તિની સ્થાપના કરી વર્ષો જૂની ગેરમાન્યતાઓ થી છુટકારો મેળવવા વડગામ વાસીઓએ પહેલ કરી ને નિર્ણય લીધો છે.

સ્મશાન ને અપવિત્ર માની અંધશ્રદ્ધા માં પડેલા લોકો પ્રેતાત્મા અને જાદુ ટાણા માં જે વિશ્વાસ કરતા થયા છે.

દેવાધી દેવ મહાદેવનું સ્થાન આમ તો પર્વતો અને સ્મશાનમાં હોય છે.એટલે મહાદેવ જેટલા પવિત્ર બીજું કોઈ નથી.પરંતુ હાલમાં લોકો માં ઉલટું જોવા મળી રહ્યું છે.સ્મશાનને



અપવિત્ર ગણવા આવે છે.અને લોકો અંધશ્રદ્ધાઓથી અભડાયેલી પ્રજા સ્મશાનને પ્રેતધામ માની જાદુ-ટાણા માં વિશ્વાસ કરવા લાગી છે. આવી વર્ષો જૂની ગેરમાન્યતાઓથી છૂટકારો પામવા વડગામ ના રહીશો અને યુવાનો એ ગામના સ્મશાનને એક નવી ઓળખ આપવાનો વિચાર કર્યો છે.ગામના યુવા અને ઉત્સાહી સરપંચ ભગવાન સિંહ સોલંકી અને નીતિન ભાઈ પટેલ,હિતેશ, ભાઈ ચોધરી,કિરણ ભાઈ ચોધરી, સહીત ગ્રામજનો દ્વારા સ્મશાન મા બગીચો બનાવીને પાણી પાવા ફુવારા ની વ્યવસ્થા કરવામાં આવી છે,સ્મશાન ભૂમિ મા ૭૦ કરતા વધુ વૃક્ષો વાવી પાણી પાવા માટે ટપક પદ્ધતિ નો ઉપયોગ કરાયો છે.સ્મશાન ભૂમિમાં ચકલીઓ માટે માળા અને પીવાના પાણી ની વ્યવસ્થા કરાઈ છે?

પક્ષીઓના ચણ માટે ચબુતરો ઉભો કરાયો છે.લોકોને બેસવા માટે પતરાના સેડ અને બોકડા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરી સ્મશાન ને પર્યાવરણ મય બનાવવામાં આવ્યું છે.લોકોમા સ્મશાન ને લગતી ગેરમાન્યતાઓ દૂર કરવા ગ્રામજનો દ્વારા મહાશિવરાત્રીના પવિત્ર દિવસે ગામના અગ્રણી પ્રેમજીભાઈ નરસંગભાઈ પરિવાર દ્વારા ગ્રામજનો ની હાજરી માં અંતિમધામમાં ભોળાનાથ મહાદેવ ની આકર્શિત મૂર્તિ લાવીને સ્થાપના કરવામાં આવી છે. વડગામ અંતિમધામને શિવમય કરી શિવરાત્રી ની પવિત્ર રાત્રીએ સ્મશાનભૂમિ મા ભજન સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકોને સ્મશાન અને તેની પવિત્રતા વિશે સમજ પણ આપવામાં આવી હતી.

કોઈ કવિ એ કહ્યું છે કે 'જીવનને જાણવાનું, જીવનને ઓળખવાનું દ્વાર જ મૃત્યુ છે, એટલે અંતિમધામ એ જીવનનું પરમ સત્ય છે'

**હિરણ્ય પંડ્યા પાઠકના શબ્દોમાં સ્મશાન એટલે**

જીવનનું અંતિમ સત્ય સમજાવે તે શિવ. જીવનનું પરમ સત્ય છે મૃત્યુ અને એટલે જ શિવજી ચિતાભસ્મ લગાવે છે.જીવન હંમેશા નથી રહેવાનું.જો રોજ આ પરમ સત્ય યાદ રાખીને જીવીએ તો જીવનમાં ઘણા ખોટા નિર્ણયો લેતા અટકી શકાય

**વડગામના કોદરામના પ્રશાંત કેદાર જાદવ કહે છે કે**

સમુદ્ર મંથને પ્રભુ તું ભોળો રહી ગયો...અમૃત પીધું સૌએ તું વિષ પી ગયો...એથી બન્યો દેવોનો દેવ આપોઆપ તું...દેવાધિદેવ મહાદેવ...

**ગ્રામ પંચાયત દ્વારા વિકાસના કર્યોમાં સહયોગ**

વડગામના ઉચ્ચાઈ સરપંચ ભગવાન સિંહ સોલંકી દ્વારા સ્મશાન સગડી, પતરા નો શેડ, આર.સી.સી રોડ, પીવા માટે પાણીની પરબ, પાણીની વ્યવસ્થા જેવી સુવિધાઓ માટે ગ્રામ પંચાયત દ્વારા પણ સહયોગ આપવામાં આવ્યો હતો.

# કોરોના કાળમાં ફ્રીજના બદલે દેશી માટલાની માંગમાં વધારો

ડીસા, તા.૧૪

કોરોના કાળ વચ્ચે ઉનાળાનું ધીમા પગલે આગમન થઈ રહ્યું છે. જેને લઈ આવેલી લોક જાગૃતિના કારણે ફ્રીજ કરતા પણ ઈમ્યુનિટી વધારતા દેશી માટલાની માંગ વધી પડી છે. જેથી માટલાના ભાવ પણ વધવા પામ્યા છે. આજના હાઈફાઈ યુગમાં વધેલી ભાગદોડ અને માનસિક તાણ વચ્ચે અવનવી બીમારીઓનો ઉપદ્રવ વધી પડ્યો છે. ક્યારેય નામ ન સાંભળ્યું હોય તેવી વિચિત્ર બીમારીઓએ લોકોને ભાગતા રોકી વિચારવા મજબૂર કરી દીધા છે.



તેમાં પણ કોરોનાએ લોકોને સ્વાસ્થય પ્રત્યે સભાન કર્યા છે. તેથી લોકો બીમારીમાં ફટાફટ રાહત આપતી એલોપેથીને બદલે આપણી પ્રાચીન આયુર્વેદિક પધ્ધતિ અપનાવવા લાગ્યા છે. એટલું જ નહીં, ફાસ્ટ ફૂડને જાકારો આપી ખાવા- પીવામાં પણ લોકો કાળજી રાખવા લાગ્યા છે. આપણા બાપ- દાદા રસોઈમાં માટી કે તાંબાના વાસણો વાપરતા હતા. જેના કારણે રસોઈની ગુણવત્તા જળવાઈ રહેવા સાથે સ્વાદ પણ વધી જતો. તેથી તેઓ નિરોગી રહીને ૧૦૦ વર્ષ જીવતા હતા. જેના પગલે લોકો 'જૂનું એટલું સોનુ' ઉક્તિ મુજબ દેશી પધ્ધતિ અપનાવતા થયા છે. જેથી જડમૂળમાંથી રોગનું નિદાન કરતી આયુર્વેદિક સારવાર સાથે રાસાયણિક ખાતર વગરના ઓર્ગેનિક ખેતી પાકોની બોલબાલા વધી પડી છે. લોકો ઊંચી કિંમતે પણ આવું ધાન્ય ખરીદે છે. એ જ રીતે માટીના વાસણોની પણ માંગ વધવા લાગી છે .કોરોના મહામારી અગાઉ ઉનાળામાં મોટાભાગના લોકો ફ્રીજનું ઠંડુ પાણી પીતા હતા. ભાગ્યે જ કોઈ ઘરે માટલા જોવા મળતા હતા. પરંતુ ફ્રીજના પાણીથી તરસ ન છીપાતી હોવાનો દરેકને અનુભવ છે. જ્યારે માટલાનું પાણી તરસ છીપાવવા સાથે ઈમ્યુનિટી પણ વધારે છે. તેથી હવે ફ્રીજના બદલે લોકો માટલાનું પાણી પીવા લાગ્યા છે. જેને લઈ ફ્રીજ કરતા પણ માટલાનું વેચાણ વધી પડ્યું છે.